# મોડાસામાં ચિઠ્ઠી પર ચાલતો કરોડો રૂપિયાનો ફટાકડાનો ગેરકાયદેસર વેપલો

## જીએસટી કચેરી, ઇન્કમટેક્ષ વિભાગ અને વહીવટીતંત્રને આંખે પાટા બાંધી ધુતરાષ્ટ્ર નીતિથી સરકારી તિજોરીને લાખ્ખો રૂપિયાનું નુકશાન

મોડાસા, તા. ૪

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેર નજીક ગામને અડીને આવેલા ગ્રામજનો માટે ગમે તે ઘડીએ એટોમબોમ્બ સમાન એક હોલસેલ વેપારી દ્વારા મોટા પાયે ફટાકડા સંગ્રહનું ગોડાઉન બનાવી સમગ્ર વર્ષ દરમિયાન અને દિવાળીના તહેવારમાં જીલ્લા સહીત સમગ્ર રાજ્ય અને પાડોશી રાજ્યોમાં મોટા પ્રમાણમાં કરોડો રૂપિયાનો ફટાકડાનો જથ્થો ટ્રકો ભરી ભરી ચિઠ્ઠી પર વેચાણ કરી સરકારની તિજોરીને લાખ્ખો રૂપિયાનો ચૂનો લગાવતો હોવાનો અને જીએસટી અને ઈન્કમ ટેક્ષના અધિકારીઓ સહીત વહીવટીતંત્રના અધિકારીઓ અને કર્મચારીઓને ભારે ભરખમ દિવાળી ગિફ્ટ અને વજનદાર કવરના બોજ તળે દબાઈ જતા હોવાથી ધૃતરાષ્ટ્ર નીતિ અપનાવતા હોવાથી સરકારી તિજોરીને લાખ્ખો રૂપિયાનો ફટકો પડી રહ્યો છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર મોડાસા નજીક ફટાકડાના એક હોલસેલ વેપારી દ્વારા ફટાકડાના સંગ્રહ માટે ગોડાઉન લીઝ પર જમીન મેળવી નિર્માણ હાથ ધરાતા ફટાકડાનું



ગોડાઉન ગ્રામજનો માટે ગમે તે સમયે સામુહિક નરસંહારનું નિમિત્ત બનવાનો ભય પેદા થવાની સાથે ફાયર સેફટી એક્ટનું સરેઆમ ઉલ્લંઘન થતું હોવાના પગલે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો અને જીલ્લા વહીવટી તંત્ર અને ઉચ્ચ કક્ષાએ લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં રૂપિયાના દલ્લાના ભારના સહારે ગોડાઉનની મંજૂરી મેળવી લીધી હતી. હાલ ગોડાઉનમાં દારૂગોળાનો જથ્થો ગમે ત્યારે આગમાં રૂપાંતરિત થાય તો ભયાનક વિનાશ નોતરી શકવાની સંભાવનાઓ પેદા થઈ છે. અગમ્ય કારણોસર ગોડાઉનમાં આગ લાગે તો પૂરતા પ્રમાણમાં ફાયર ફોર્મ પણ ઉપલબદ્ધ ન હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

મોડાસા નજીક આવેલા દારૂખાનાના ગોડાઉનમાંથી દરરોજ ટ્રકોના ટ્રકો ભરી ફટાકડાનો જથ્થો અરવલ્લી જિલ્લા સહીત સમગ્ર રાજય સહીત પાડોશી રાજ્યોમાં ઠાલવવામાં આવે છે. સમગ્ર ફટાકડાની હેરાફેરી ચિઠ્ઠી વહેવાર, મોબાઈલ અને સંદિગ્ન કોડવર્ડમાં ચલાવી જીએસટી અને ઈન્કમ ટેક્ષની વર્ષે દહાડો કરોડો રૂપિયાની ચોરી કરવામાં આવી રહી હોવાની સાથે કેટલાક લેભાગુ કર્મચારીઓના લીધે સરકારી તિજોરીને કરોડો રૂપિયાનો ચૂનો લગાવવામાં આવી રહ્યો છે ત્યારે જવાબદાર તંત્ર દ્વારા ગોડાઉન પર તપાસ કરવાની માંગ સાથે ચોપડામાં ફટાકડાના વેચાણના લખેલા સંદિગ્ધ આંકડાની સાચી દિશામાં તપાસ થાય તે ખુબજ જરૂરી છે.



અરવલ્લી જિલ્લા સહકારી સંઘની બેઠક અધ્યક્ષ પી.પી. પટેલના પ્રમુખપદે મળી હતી. જેમાં આ સંઘના બેક પ્રતિનિધિ સાબરકાંઠા જિલ્લા સહકારી બેન્કના મેનેજિંગ ડિરેકટર તરીકે ચૂંટાઈ આવેલ પંકજભાઈ પટેલનું સંઘના ચેરમેન, વાઈસ ચેરમેન ભીખાજી ડામોર, માનદમંત્રી જગદીશભાઈ પટેલ, ડિરેક્ટરો શામળભાઈ પટેલ, ગુલાબચંદભાઈ, વિનોદભાઈ શાહ, હસમુખભાઈ પટેલ, બાબુભાઈ એમ. પટેલ, રાજુભાઈ જે. પટેલ, અને શેતાનસિંહ, પ્રેમજીભાઈ વગેરેએ પણ ઉપસ્થિત રહીને પંકજભાઈનું સન્માન કર્યુ હતું.

# મેઘરજ પોલીસે રોયણિયા ગામ પાસે ગાય વાછરડા ભરેલુ ડાલુ ઝડપ્યું

અરવલ્લી તા.૫

મેઘરજ તાલુકાના રોયણિયા ગામ નજીક મરણતોલ હાલત ૯ જેટલા ગાય વાછરડા ભરેલું પિકઅપ ડાલું ઝડપી પાડ્યું હતું. મેઘરજ પોલીસને મળેલી બાતમી આધારે પીએસઆઈ એસ.એચ. શર્માની ટીમે નાકાબંધી કરી રોડ આડસ ગોઠવી કતલખાને લઈ જવાતા મરણતોલ હાલતમાં ગૌ ધનને બચાવી લેવાયા હતા. શનિવારની રાત્રે રોજ પો.સબ. ઈન્સ એસ.એચ. શર્મા તથા તેમની ટિમ સાથે પેટ્રોલિંગ દરમિયાન ખાનગી રાહે બાતમી મળેલી તે હકીકતે પીકપડાલા નબંર જી.જે.૨૦-યુ.૩૯૧૮નો ચાલક તેના પીકપડાલામાં ગેરકાયદેસર પાસ પરમીટ વગર ગાય વાછરડા ભરી લઈ રાજસ્થાનના સરથણુથી મોડાસા તરફ જનાર હોવાની હકીકત આધારે નાકાબાંધી કરી



રોયણીયા ગામના રોડ ઉપર પિકઅપ ડાલાને ઝડપી પાડ્યું હતું. જોકે ચાલક પોલીસને જોઈ નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. મેઘરજ પોલીસે રૂ. ૭૨ લાખની કિંમતના ગૌ ધન સહિત ૩.૭૨ લાખના મુદ્દામાલ કબ્જે લઈ વધુ તપાસ હાથ ધરી વાછરડાને ઈડર પાંજરાપોર મોકલી આપવામાં આવ્યા હતા.

# તલોદ પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખનો વિદાય સમારંભ યોજાયો

તલોદ, તા. ૪

તલોદ પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ અને ખેરોલ ગામના આચાર્ય ભોગીલાલ કેશવલાલ પટેલ વય મર્યાદાના કારણે નિવૃત્ત થતા વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. નાણાંકિય સંસ્થા અને જિલ્લા સંઘના મહામંત્રીની શિક્ષણક્ષેત્રે તેમની લોક ચાહના શિક્ષકો પ્રત્યેની



શ્રેષ્ઠ કામગીરીથી પ્રસિદ્ધતા, તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાથી તમામ શિક્ષક સંઘો તાલુકામાંથી નિવૃત્ત થતા શિક્ષકો શિક્ષણ સેમિનારમાં વિદાય સમારંભથી ઘણીજ મોટી સંખ્યામાં ધામધૂમથી યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સમારંભના પ્રમુખ તરીકે ગજેન્દ્રસિંહ પરમાર, જિલ્લા શિક્ષણ અધિકારી ઉપાધ્યાય સાહેબ, તાલુકા નિરીક્ષક કે.એન. મકવાણા, પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, તલોદ પાલિકા પ્રમુખ નરેન્દ્રસિંહ સોલંકી, ટીડીઓ એ.જી. પટેલ, ગ્રામજનો, સરપંચો, દૂધ મંડળીઓ, સેવા મંડળીઓએ શાલ ઓઢાડી, મોમેન્ટો અર્પણ કરી, રોકડ રકમો અને ચાંદીના સિક્કા જેવી અમુલ્ય ચીજો ભેટ સોગાદ કરી ભોગીલાલ પટેલનો વિદાય સમારંભ ધામધૂમથી યોજવામાં આવ્યો હતો.

તાલુકામાંથી કેટલાક નિવૃત્ત થતા શિક્ષકોનો પણ આ પ્રસંગે સમાવેશ કરી અશ્રુભીની વિદાય આપી હતી. તાલુકા, જિલ્લા અને રાજ્યમાંથી અનેક પ્રાથમિક શિક્ષક સંઘોની મોટી હાજરીમાં વિદાય સમારંભ યોજાતા ખેરોલ ગ્રામજનોએ પણ મોટી જહેમત ઉઠાવી ભોગીલાલ પટેલને વિદાય આપવામાં આવી હતી. સરલ સ્વભાવ અને શિક્ષકો પ્રત્યેની તેમની કામગીરીને બિરદાવતા કેટલાક વર્ષોથી મંડળીઓ, સંઘો અને જિલ્લા તેમજ રાજ્યકક્ષાએ ઉચ્ચપદ પર રહી શિક્ષકોના નાના-મોટા પ્રશ્નો અને સમસ્યા આચાર્ય તરીકે પણ મદદગાર બન્યા છે જેથી નિવૃત્ત અને ચાલુ શાળાના શિક્ષક સ્ટાફગણ ઘણીજ મોટી સંખ્યામાં હાજર રહી સફળ વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો.

# દિવાળીના તહેવારોના પગલે એસ.ટી.નો પાલનપુર વિભાગ યાત્રાધામો માટે વધારાની બસો દોડાવશે

## દિવાળી દરમિયાન મુસાફરોને પુરતી બસ સેવા પુરી પાડવા એસ.ટી. તંત્ર સજ્જ

પાલનપુર, તા. ૪

દિવાળીના તહેવારો બાદ મીની વેકેશન જેવો માહોલ સર્જાય છે અને શાળા-મહાશાળાઓ ઉપરાંત સરકારી કચેરીઓ તેમજ



ખાનગી પેઢીઓ પણ લાંબા સમય સુધી બંધ રહેતી હોય નોકરિયાત પરિવારો દિવાળીના મીની વેકેશનનો સદઉપયોગ કરી સહેલગાહની મજા માણવા ઉપડી જાય છે. આવી સ્થિતિમાં દર વર્ષે દિવાળી બાદ પ્રજાકીય અવરજવર વધી જતી હોઈ વધારાના ટ્રાફિકને પહોંચી વળવા તેમજ રજાઓનો આનંદ માણવા ઉત્સુક પરિવારોને સલામત પરિવહન સેવા પુરી પાડવા એસ.ટી. નિગમનો પાલનપુર વિભાગ પણ સજ્જ બની ગયો છે. એસ.ટી.ના પાલનપુર વિભાગ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ દિવાળી દરમ્યાન વતન આવતા અને સહેલગાહે જવા ઈચ્છતા પરિવારોને બસસેવા પુરી પાડવા એસ.ટી. નિગમના પાલનપુર ખાતેના વિભાગીય નિયામક દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ દિવાળી દરમ્યાન વતન આવતા અને સહેલગાહે જવા ઈચ્છતા પરિવારોને બસસેવા પુરી પાડવા એસ.ટી. નિગમના પાલનપુર ખાતેના વિભાગીય નિયામક જે.એચ. સોલંકીના માર્ગદર્શન હેઠળ વિભાગીય પરિવહન અધિકારી જે.બી. કરોતરા અને તેમની ટીમે વધારાના બસ રૂટ દોડાવવાનું આયોજન ગોઠવ્યુ છે.

એસ.ટી. નિગમના પાલનપુર વિભાગ દ્વારા દીપોત્સવી પર્વને અનુલક્ષીને ગોઠવાયેલી વધારાની બસસેવાની વિગતો આપતાં એસ.ટી. નિગમના પાલનપુર ખાતેના વિભાગીય નિયામક જે.એચ. સોલંકીએ જણાવ્યું હતું કે દિવાળીના તહેવારો દરમ્યાન પ્રવાસ પર્યટનની મજા માણવા ઈચ્છુક લોકોને સલામત પરિવહન સેવા પુરી પાડવાના આશયથી અમે આગામી નવમી નવેમ્બરથી ૧૫મી નવેમ્બર દરમ્યાન પાલનપુરથી સૂંધામાતા, ઉદેપુર અને માઉન્ટ આબુ, અંબાજીથી સૂંધામાતા, ઉદેપુર અને માઉન્ટ આબુ તેમજ ડીસા અને સિદ્ધપુરથી પણ સૂંધામાતા જવા-આવવા માટે વધારાના બસ રૂટ દોડાવવાનું આયોજન ગોઠવ્યું છે. તદઉપરાંત નિગમના પાલનપુર વિભાગ હેઠળના તમામ ડેપો પરથી પણ અમદાવાદ, વડોદરા અને સુરત તરફ જવા આવવા માટે વધારાના બસ રૂટ દોડાવી મુસાફરોને પર્યાપ્ત સવલત પુરી પાડવાનું આયોજન ગોઠવાયું છે.

# ભિલોડા તાલુકાના ડોડીસરા ગામમાંથી અલગ અલગ જગ્યાએથી વિદેશી દારૂ ઝડપાયો

ભિલોડા,તા.૪

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં દિપાવલી અને નુતન વર્ષના તહેવારોની હવે ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે દિપાવલીના તહેવારોમાં વિદેશી દારૂની માંગ દિન-પ્રતિ-દિન વધતાં વિદેશી દારૂની હેરાફેરી કરતા અને વેચાણ કરતા ઈસમો વિદેશી દારૂનો જથ્થો એકત્રીત કરી રહ્યા છે ત્યારે અત્રે ઉલ્લેખનીય છે કે, વિદેશી દારૂની હેરાફેરીનું પ્રમાણ વધતાં પોલીસએ લાલ આંખ કરતાં બુટલેગરોમાં ભારે ફફડાટ ફેલાયો છે. એલ.સી.બી. પોલીસે બાતમીના આધારે ડોડીસરા ગામમાંથી બે મકાનોમાં સંતાડેલો વિદેશી દારૂ ગત રાત્રે ઝડપી વધુ તપાસ હાથ ધરી છે.

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં આવેલ ડોડીસરા ગામમાંથી અલગ-અલગ જગ્યાએથી રહેણાંક વિસ્તારમાંથી બાતમીના આધારે વિદેશી દારૂનો મોટા પાયે જથ્થો ઝડપાયો હતો. રૂા.૨,૯૧,૬૦૦/- અને રૂા. ૮,૬૪,૦૦૦/- નો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો છે.કુલ મુદ્દામાલ કિંમત રૂા.૧૧,૫૫,૬૦૦/- છે. પ્રોહિબીશન પ્રતિબાંધિત વિસ્તારમાંથી પાસ પરમીટ વગરનો વિદેશી દારૂનો જથ્થો બે અલગ-અલગ રહેણાંક મકાનમાંથી ઝડપાયો છે. પોલીસએ ગુનો નોંધી ધારા ધોરણ મુજબ કાર્યવાહી હાથ ધરતાં બુટલેગરોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

ડોડીસરા ગામના સીમ વિસ્તારમાં મકાન ધરાવતા બિપીનભાઈ વીરજીભાઈ ડુંડના રહેણાંક મકાનમાં સંતાડેલો ભારતીય બનાવટનો પરપ્રાંતિય વિદેશી દારૂની પેટી નંગ-૮૧ બોટલ નંગ-૯૭૨ કિંમત રૂા.૨,૯૧,૬૦૦/- નો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો છે.

ડોડીસરા ગામના સીમ વિસ્તારમાં મકાન ધરાવતા અરવિંદભાઈ પુજાભાઈ ડુંડના રહેણાંક મકાનમાં સંતાડેલો ભારતીય બનાવટનો પરપ્રાંતિય વિદેશી દારૂની પેટી નંગ-૨૪૦ બોટલ નંગ-૨૮૮૦ કિંમત રૂા. ૮,૬૪,૦૦૦/- નો મોટા પાયે વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો છે.

# પ્રાંતિજમાં તહેવારો ટાણે જ એટીએમ બંધ રહેતા ગ્રાહકોને ભારે હાલાકી

## એટીએમ ગ્રાહકો એક એટીએમથી બીજા એટીએમના ધક્કા ખાતા નજેર પડ્યા

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ એટીએમ તહેવારો ટાળેજ બંધ રહેતાં



એટીએમ ગ્રાહકોને આમતેમ વિવિધ એટીએમના ચક્કર ખાતા નજરે પડ્યા હતાં.

પ્રાંતિજ ખાતે વિવિધ બેંકો દ્વારા મુકવામાં આવેલ એટીએમ તહેવારોના સમયે જ બંધ હોવાથી એટીએમ ગ્રાહકો એક એટીએમથી બીજા એટીએમ ખાતે ધક્કા ખાતાં છતાં પણ પૈસા ના મળતાં છતાં પૈસે બીજા પાસે પૈસા માંગવાનો વારો આવ્યો છે. તો પ્રાંતિજ ખાતે નવ જગ્યાએ એટીએમ વિવિધ બેંકો દ્વારા મુકવામાં આવ્યાં છે જેમા માત્ર ચાર એક એટીએમ નિયમિત ચાલું હોય છે. અને બાકીના એટીએમ તો માત્ર શોભાના ગાંઠીયા સમાન છે. બીજી બાજુ જે ચાલુ હતાં તે એટીએમ પણ કેશ ના હોવાથી કે કોઈ કારણોસર બંધ રહેતાં કેટલાય એટીએમ ગ્રાહકો એટીએમમાંથી પૈસા ના નિકળતાં હોવાથી વીલા મોંઢે પાછા ફર્યા હતાં અને એટીએમ ગ્રાહકોની પરેશાનીમાં વધારો થયો હતો. એપ્રોચરોડ ઉપર આવેલ એચ.ડી.એફ.સી.બેંક ખાતે તથા નાની ભાગોળ સ્ટેટબેંક ખાતે એમ બે જગ્યાએ એટીએમ ખુલ્લાં રહેતાં એટીએમ બહાર લાંબી લાઈનો જોવા મળી હતી.

# હિન્દુહિત, રાષ્ટ્રહિત, ગૌરક્ષા, અખંડ રાષ્ટ્રના જતન નિર્માણ માટે યુવાનો આગળ આવે : હર્ષ પંડ્યા

રવિવારના શુભદિવસે ગોધરા પાસે આવેલા ઓરવાળા ગામમાં હિન્દુ યુવા મિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું, જે પ્રસંગે હિન્દુ યુવા વાહીની



મધ્યગુજરાત ધર્માધ્યક્ષ મહંત અરવિંદગિરીજી, અરવલ્લી જિલ્લા અધ્યક્ષ હર્ષ પંડ્યા, ઉપાધ્યક્ષ વીર પંચાલ, મહીસાગર જિલ્લા અધ્યક્ષ વિશાલ જોશી તેમજ મહંત કલ્યાણદાસબાપુ ઉપસ્થિત રહ્યા હતા અને ઓરવાળા આશ્રમ ખાતે યુવાનોને સંબોધિત કર્યા હતા. મહંત અરવિંદગિરી દ્વારા સમગ્ર મધ્ય ગુજરાત પ્રવાસનો શુભારંભ ઓરવાળા (ગોધરા) થી કરવામાં આવ્યો હતો. જે પ્રસંગે તેઓએ હિન્દુ સમરસતા માટે યુવાનોને ગામે ગામે જાગૃતતાના કાર્યક્રમો કરવા માટે આહવાન કર્યુંહતું, તેમજ ગૌરક્ષા માટે સમાજમાં જાગૃતતા લાવી, ગાય માતાની રક્ષા, જતન માટે વ્યાપક સ્વરૂપે પગલાં ભરવા માટે જણાવ્યું હતું અને સાધુ સંતોને વ્યાપક ધર્મલક્ષી કાર્યકમો કરવા માટેની અપીલ કરી હતી. હિન્દુ યુવા વાહીની અરવલ્લી અધ્યક્ષ હર્ષ પંડયાએ આગામી સમયમાં ગામે ગામમાં હિન્દુ સંમેલન, હિન્દુ જાગૃતતાના કાર્યકમો યોજવા માટેની અપીલ કરી હતી. સમગ્ર મધ્યગુજરાતમાં પૂનમના શુભદિવસે યોજાતી મહીસાગર માતાની આરતીમાં જોડાવવા માટે સમગ્ર યુવાનો, વડીલોને આહવાન કરવામાં આવ્યું હતું. મહંત કલ્યાણદાસબાપુએ યુવાનોને હિંદુત્વની રક્ષા કાજે યુવાનોને હિન્દુ યુવા વાહીનીમાં જોડાવવા માટેનું આહવાન કર્યું હતું, તેમજ આગામી સમયમાં હિન્દુ યુવા સંમેલન યોજવા માટેની જાહેરાત કરી હતી. જે પ્રસંગે હિન્દુ યુવા વાહીનીમાંથી દિનેશ પરમાર, દેવેન્દ્ર પરમાર, ઉમેશભાઈ વણઝારા, દિનેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને ઉપાધ્યક્ષ વીર પંચાલ દ્વારા હિન્દુ યુવા વાહીની ગોધરા ગ્રામ્ય ટીમના ગઠનની જાહેરાત કરવા માં આવી હતી તેમજ સમસ્ત હિન્દુ સનાતન ધર્મપ્રેમીઓને હિન્દુ નવુ વર્ષ, દિવાળીની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

# મુસ્લિમ સમાજનાં તેજસ્વી તારલાઓનું રાજયપાલશ્રીના હસ્તે સન્માન

ગાંધીનગર, તા. ૪

રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું છે કે, શિક્ષણ એ સર્વાંગી વિકાસનો પાયો છે.




કોઈપણ રાજ્ય-રાષ્ટ્રના વિકાસમાં શિક્ષણની ભૂમિકા ખૂબ મહત્વની છે. શિક્ષિત સમાજ જ મજબૂત સમાજ વ્યવસ્થાનો પાયો બની શકે એમ તેમણે ઉમેર્યુ હતું.

અમદાવાદ વેલ્ફેર સોસાયટી દ્વારા આયોજિત કાર્યક્રમમાં મુસ્લીમ સમાજના ધોરણ - ૧૦ અને ધોરણ-૧૨માં ૭૫ ટકાથી વધુ ગુણ સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓનું રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે રમત ગમત ક્ષેત્રે પણ ઉમદા પ્રદર્શન કરનાર સમાજના દિકરા-દિકરીઓને મોમેન્ટો આપી સન્માનવામાં આવ્યા હતા.

રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે, શિક્ષકે બાળકમાં છુપાયેલી પ્રતિભાને બહાર લાવવા સતત પ્રયત્શીલ રહેવું જોઈએ અને જેમ બીજમાંથી વટવૃક્ષ બને છે તેમ બાળકને પણ શિક્ષણનાં સિંચન દ્વારા સમાજનો પ્રતિષ્ઠિત નાગરિક બનાવવા પ્રયાસ કરવો જોઈએ.

આ પ્રસંગે વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા પરેશભાઈ ધાનાણીએ પણ સફળતા પ્રાપ્ત કરનાર તમામ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને શુભેચ્છા આપતાં જણાવ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિ એક બીજાને સન્માન આપવાની છે, ત્યારે સફળતા પ્રાપ્ત કરનારે સફળતાની સાથે પોતાનામાં રહેલા સંસ્કાર અને મુલ્યો થકી અન્યોને સન્માન આપવાની ભારત દેશની સંસ્કૃતિનો વિશ્વને પરિચય થાય તે પ્રકારે વૈશ્વિક પ્રગતિ કરવા જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં જી.એલ.એસ. યુનિવર્સિટીના કુલપતિ ડૉ. ભાલચંદ્ર જોષી, આઈ.એમ. નાણાંવટી કોલેજના પ્રિન્સિપાલ ડૉ. એલ.એસ.પાઠક, ધી ન્યુ તુલિપ ઈન્ટરનેશનલ સ્કુલના ચેરમેન યોગેશભાઈ શ્રીધર, જાણીતા ચાર્ટડ એકાઉન્ટન્ટ કરીમ એસ. લાખાણી તેમજ સમાજનાં શ્રેષ્ઠીઓ અને અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.